# રાજ્યમાં જુલાઈ-ઓગસ્ટમાં અતિવૃષ્ટીની શક્યતા

## જૂનના ત્રીજા સપ્તાહમાં ચોમાસુ બેસશે : વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં સારા ચોમાસાની આગાહી કરાઈ : રાજયમાંથી ઓક્ટોબરના ત્રીજા સપ્તાહમાં ચોમાસુ વિદાય લે એવી આગાહી

જૂનાગઢ, તા.૭

ગુજરાતમાં વરસાદ કેવો પડશે ને ક્યારથી પડશે? આ સવાલોનો જવાબ દેશી આગાહીકારો આપી રહ્યા છે જે સાંભળીને મન ખુશ ખુશ થઈ જશે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને વર્ષા વિજ્ઞાન મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં સારા ચોમાસાની આગાહી કરવામાં આવી છે. જૂનના ત્રીજા સપ્તાહથી વિધિવત ચોમાસું બેસી જવાનું અનુમાન વ્યકત કરવામાં આવ્યું છે. તો જુલાઈ મધ્ય અને ઓગસ્ટની શરૂઆતમાં અતિવૃષ્ટિની શક્યતા વ્યકત કરવામાં આવી છે. ઓક્ટોબરના ત્રીજા સપ્તાહમાં ચોમાસું રાજયમાંથી વિદાય લેશે તેવી શક્યતા છે.

ખેતી પ્રધાન દેશ હોવાના કારણે ભારતમાં વરસાદની આગાહી હંમેશા લોકોના મનમોહી લેવાનું કામ કરે છે હવામાન વિભાગ જયારે આગાહી કરે ત્યારે તેના ઉપર ભણેલા લોકોની નજર વધારે હોય છે પરંતુ ભારતમાં પ્રાચીન વર્ષા વિજ્ઞાન એક લોકભોગ્ય વિજ્ઞાન છે અને તેના ઉપર ખેડૂતોની નજર હોય છે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી વર્ષોથી પ્રાચીન વર્ષા વિજ્ઞાનના આધારે આગાહી કરતા આગાહીકારોનું સંમેલન યોજે છે અને તેમાં તમા આગાહી અંગે ચર્ચા કરવામાં આવે છે ત્યારબાદ ચોમાસુ પૂરું થાયે કોની આગાહી કેટલી સત્યની નજીક રહી તેનું તારણ પણ કાઢવામાં આવે છે

કવલકાના આગાહીકાર અને પશુ-પક્ષીની બોલી ફળઝાડ અને ફૂલ ઉપરથી વરસાદની આગાહી કરતા ભીમભાઈ ઓડેદરાએ કહ્યું હતું કે આ ચોમાસુ માધ્યમ રહેશે આગામી તા. ૮ થી રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળશે અને ૧૫ તારીખથી વરસાદના પહેલી સિસ્ટમ એક્ટિવ થાય તેવી શક્યતા છે ત્યાર બાદ બીજી સિસ્ટમ તા. ૭ જુલાઈ પછી કાર્યરત થશે અને સારો વરસાદ લાવશે. જોકે આગતરુ ચોમાસુ સારું નહીં રહે પણ પાછળના દિવસોમાં વરસાદ સારો પડી શકે છે.

પ્રાચીન માન્યતાઓ ખગોળીય સ્થિતિ વાદળો પવનની દિશા વગેરેને ધ્યાને લઈને ચોમાસાની આગાહી કરતા રામણીકભાઈ વામજાએ કહ્યું હતું કે આ વર્ષે ચોમાસાના પ્રારંભે ત્રણ તબક્કામાં વાવણી થશે પ્રથમ વાવણી અમરેલી જિલ્લામાં થશે અને આ વર્ષે જામનગર જિલ્લામાં અને દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ વધારે પડશે પ્રાચીન વર્ષા વિજ્ઞાનના આગાહીકારોના મતે ચોમાસુ માધ્યમ અને વર્ષ ૧૨ આની રહેશે જોકે ખેડૂતોમાં સારા શિયાળુ પાકની શક્યતા જોવા મળી રહી છે.

# વાવોલ વિકસી રહ્યું છે, પણ સિટી બસની સેવા ઝંખી રહ્યું છે..!!!

### વાવોલના "ક" રોડ સંલગ્ન નવા વિકસી રહેલાં "રૂર્બન" વિસ્તારને આવરી લેતી સિટી બસ સેવા જરૂરી : ન્યુ વાવોલથી સચિવાલય, સે.૨૧ સુધી તેમજ કુડાસણ-સરગાસણને જોડતી સિટી બસ સેવ શરૂ થાય તો આશિર્વાદરૂપ બની શકે

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા ૧૮ ગામોને સમાવી લેવામાં આવ્યાં છે, જેમાં શહેરી વિસ્તારની નજીકના વાવોલ-કોલવડા વગેરેનો સમાવેશ થાય છે. આ ગામો એવાં છે કે જ્યાં હવે વિકાસની ગાડી ગતિ પકડવા મથી રહી છે પરંતુ હજુ પણ કેટલીક સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સુવિધાઓના અભાવને પગલે તે ગતિ મળી રહી નથી. આ સુબિધાઓમાં સારી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી દવાખાના કે કોમ્યુનિટી હોલ અથવા સ્પોર્ટ્સ સંકુલો ઉપરાંત સામુહિક જાહેર પરિવહન સુવિધાની મહત્વની જરૂરીયાત વર્તાઈ રહી છે. જાહેર પરિવહન માટે શહેરી વિસ્તારની જેમ નવા વિકસી રહેલાં "રૂર્બન" વિસ્તારો ઝંખી રહ્યાં છે જેમાં વાવોલ સાથે જોડાતો 'ક' માર્ગ અને તેની આસપાસ વિકસેલો વાવોલનો નવો સોસાયટી વિસ્તાર પણ સામેલ છે.

ગાંધીનગરની ઈલેક્ટ્રોનિક જીઆઈડીસીથી વાવોલ વિસ્તારને જોડાતાં "ક" માર્ગ પર છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિકાસે હરણફાળ ભરી છે અને હોટલ લીલા સહિત રેલ્વે અન્ડરપાસના વિકાસ સાથે જ આ વિસ્તારની તાસીર બદલાઈ જવા પામી છે. વળી, આ વિસ્તારમાં "ક" માર્ગ પરથી ભારે વાહનોને એસજી રોડ તરફ જવા માટે 'બાયપાસ' કરતો નવો ૪૫ મીટરનો રોડ બનવાયો છે જેની આસપાસમાં જ અંદાજે ૫૦ જેટલી નવી સોસાયટીઓ વિકસી છે જેમાં ફ્લેટ-એપાર્ટમેન્ટ્સ તેમજ ટેનામેન્ટ્સ-બંગ્લોઝ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કીર્તિધામ સોસાયટીથી ઉવારસદ તરફના માર્ગે વિકસેલા "ન્યુ વાવોલ" તરીકે ઓળખાતાં વિસ્તારમાં પણ અસંખ્ય નવી રહેણાંક સોસાયટીઓ વિકસી ચુકી છે અને આ બંને વસ્તારના નવા રહેણાંક વિસ્તારોમાં ખૂબ મોટી સંખ્યામાં બહારથી આવેલાં નવા પરિવારોનો વસવાટ વધ્યો છે અને હજુ પણ અસંખ્ય નવી રહેણાંક સ્કિમોનો વિકાસ થઈ રહ્યો છે. આ કારણે સમગ્ર વાવોલ વિસ્તારમાં શ્રમિકો, વિદ્યાર્થીઓ, નાના-મોટા નોકરિયાતો, વેપારીઓ સહિતના મધ્યમ વર્ગીય નાગરિકોની સંખ્યા વધી છે પરંતુ બીજી તરફ હજુ પણ આ વિસ્તારને જોડતાં એકલ-દોકલ સિટી બસના રૂટને બાદ કરતાં સિટી બસ સેવાના જાહેર પરિવહન સેવાને નામે મીંડુ જ છે. આ વિસ્તારમાં રહેતા મધ્યમવર્ગીય પરિવારો જેમની પાસે પોતાના વાહન નથી તેમને વારંવાર શાકભાજી કે ફળફળાદિથી માંડીને કરિયાણું, પ્રોવિઝન ગ્રોસરી, કપડાં કે અન્ય ચીઝવસ્તુઓ, દવાઓ કે તબીબી સેવાઓ વગેરે માટે ગાંધીનગરના શહેરી સેક્ટર વિસ્તાર પર આધાર રાખવો પડી રહ્યો છે જેમાં સે.૨૫ કે સે.૨૧ના શાક માર્કેટ, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર કે સે.૧૬નો બેંકિંગ કોમર્શિયલ વિસ્તાર, સે.૭નું માર્કેટ કે પછી ઈન્ફોસિટી, સરગાસણ, કુડાસણના વિકસેલા વિસ્તારો તરફ જવામાં નાછુટકે પહેલાં ફરજિયાત એસટી ડેપો જવાની ફરજ પડે છે. વળી, આ માર્ગ પરથી જીઆઈડીસીમાં નોકરી કે મજુરી કામે જતાં કર્મચારીઓ કે શ્રમિકો અથવા વિવિધ શાળાઓ કે કલાસીસમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ અથવા ખાનગી કંપનીના કર્મચારીઓ કે નવા સરકારી નોકરિયાતોને રોજીંદા અપડાઉન માટે "ક" માર્ગ પર શટલીયા રીક્ષાની સેવાઓનો અભાવ પણ સાલી રહ્યો છે. સત્વરે વાવોલના વિકસી રહેલાં આ નવા વિસતારોને આવરી લેતી સિટી બસ સેવા શરૂ કરાય તે જરુરી બન્યું છે.

### વાવોલ માટે જરુરી જણાતાં સિટી બસના રૂટ

વાવોલના 'ક' રોડ થઈ વાવોલના સોસાયટી વિસ્તારમાં સિટી બસની સુવિધા શરૂ થાય જેમાં એક રૂટ જીઆઈડીસી, સે.૨૪ માર્કેટ થઈને ઘ-૬થી સે.૨૧ તરફ જાય, બીજો રૂટ અન્ડરપાસ થઈને એલડીઆરપી, ઘ-૫, ૧૭,૨૨, જુના સચિવાલયથી સર્કિટ હાઉસ તરફ જાય અને ત્રીજો ગામમાં થઈને સિવિલ હોસ્પિટલ, બસડેપો, થઈને ચ-૩, ચ-૦ ઈન્દ્રોડા પાર્ક થઈને ઈન્ફોસિટી, ટીસીએસ, રિલાયન્સ સર્કલ, સરગાસણ, થઈ ખ- રોડથી વાવોલ ગામમાં થઈને સર્ક્યુલર રૂટ ચાલે તો દરેકને ઉપયોગી બની શકે તેમ છે.

ધો -૧૦ ના બોર્ડ પરિણામમાં નગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જયારે શહેરમાં વિદ્યાર્થીઓમાં અભ્યાસ માટે આકર્ષણનુ કેન્દ્ર બનેલી કિશોર ઈન્સ્ટીટ્યુટમાં કોચિંગ લેતા ૨૫ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. વિદ્યાર્થીઓના મતે ઈન્સ્ટીટ્યુટમાં વિષય નિષ્ણાંતોની મહેનત અને શિખવાડવાની કાર્યપધ્ધતિ તેજસ્વી પરિણામ માટે વિશેષ જવાબદાર છે. તેજસ્વીઓના વાલીઓએ પણ પરિણામ બદલ કિશોરસર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી તેમની મહેનત અને કાર્યનિષ્ઠાને બિરદાવી હતી. કોરોના કાળમાં પણ જયારે પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ હતુ ત્યારે સતત ઓનલાઈન શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તેનો પણ સંસ્થાએ વિશેષ ખ્યાલ રાખ્યો હતો જે બદલ વાલીઓએ ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંતોનો આભાર માન્યો હતો.

# છેલ્લા કેટલાક સમયથી એસટી બસના રૂટ ખોરવાતા આમ નાગરિકોને હાલાકી

### ચુંટણી ટાંણે સરકારી કાર્યક્રમોમાં થતા એસટી બસના ઉપયોગથી આમ નાગરિકોને હાલાકી : જાહેરસભા, ઉદઘાટન, લોકાર્પણ ખાતમુહુર્ત સહીતના વિવિધ કાર્યક્રમો એસ ટી બસો રોકાયેલી ન રહે તે માટે ખાનગી બસનો ઉપયોગ કરવા રજુઆત

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં આમ પણ છેલ્લા કેટલાક સમયથી સલામત સવારીનો રૂટ ખોરવાતા સ્થાનિકો પરેશાન છે. સેકટરોમાંથી શહેરી બસ સેવા ઉપલબ્ધ ન થતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે ચુંટણીના દિવસો નજીકમાં આવતા સરકારી કાર્યક્રમોમાં પણ એસ ટી બસનો વિશેષ ઉપયોગ થતો હોય છે. ખાતમુહુર્ત અને લોકાર્પણ સહીતના વિવિધ કાર્યક્રમોમાં એસ ટી બસો દોડતી રહે છે. જેના લીધે આમ નાગરિકોને બસ સેવા માટે વલખા મારવા પડે છે. આવા દિવસોમાં ખાનગી બસોનો ઉપયોગ કરવા માટે પણ વાહન વ્યવ્હાર કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.

આ અંગે સંસ્થા દ્વારા વાહન વ્યવહાર કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં હજારો નાગરિકો રોજબરોજ પોતાના કામકાજ અર્થે આવતા હોય છે. જયારે મંત્રીઓ કે અધિકારીઓને મળવા માટે પણ મુલાકાતીઓની અવરજવર વિશેષ રહે છે. જયારે ગાંધીનગરથી બહાર અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગની સંખ્યા પણ વધુ છે. અલબત્ત રોજબરોજ મોટી સંખ્યામાં મુસાફરો સલામત સવારીનો ઉપયોગ કરે છે. આવા સંજોગોમાં ચુંટણીના આડે પણ હવે થોડો સમય જ બાકી રહ્યો છે. જયારે આ દરમિયાન સરકારી કાર્યક્રમો કે ઉદઘાટન કે લોકાર્પણ જેવા કાર્યક્રમોને અનુલક્ષી ભીડ ભેગી કરવા માટે પણ એસ ટી બસનો ઉપયોગ કરવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે આમ નાગરિકો માટે બસ સેવાનો પ્રશ્ન ઉભો થાય છે. આવા કાર્યક્રમોમાં બસો રાકાયેલી રહેતા આમ નાગરિકોએ ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડે છે જે તેમના માટે જોખમી અને ખર્ચાળ પુરવાર થાય છે. ચુંટણી નજીકમાં છે ત્યારે રાજકીય પક્ષના પ્રચાર પ્રસાર માટે અલબત્ત સરકારી ઉત્સવો લોકાર્પણ ઉદઘાટન જેવા કાર્યક્રમો પણ છાશવારે ગોઠવવામાં આવે છે. જાહેર સભાઓમાં પણ સલામત સવારી દોડતી કરવામાં આવે છે. જયારે બીજીતરફ વારંવા આ પ્રકારના કાર્યક્રમોના લીધે આમ નાગરિકોની બસ સેવા ન છીનવાઈ જાય તે મુજબનુ આયોજન કરવામાં આવે તેમ પણ શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ રજુઆતમાં જણાંવ્યુ છે.

## ગુરુવારે કુડાસણ ખાતે રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર તા. ૦૭

ગાંધીનગરના કુડાસણ ખાતે આગામી તા.૧૦મી જુન, ગુરુવારના રોજ સવારે ૯ થી બપોરના ૧૨ વાગ્યા દરમ્યાન પ્રમુખ મસ્તાના કોમ્પલેક્સમાં બ્લોક-ડી ખાતે "બ્લડ ડ્રાઈવ" એટલે કે "રક્તદાન શિબિર''નું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન શિબિરનું આયોજન શહેરના જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક ઍન્ડ બ્લડ સ્ટોરેજ સેન્ટર દ્વારા લીટલ મિરાકલ્સ પિડિયાટ્રિક્સ એન્ડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, શ્રી હરિ ઈમેજિંગ સેન્ટર તેમજ ગ્રીન યુનિસેક્સ સલોન એન્ડ સ્પાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ રક્તદાન શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ બ્લડ બેંક પૂરી પાડશે.

# ઓનલાઈન છેતરપિંડીના વધતા બનાવોને લઈ રાજ્યમાં ફફડાટ

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઓનલાઇન છેતરપિંડીના બનાવ : દર ૨૪ કલાકે ૨૮ લોકો ઓનલાઇન છેતરપિંડીનો ભોગ

સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર જિલ્લામાં ઓનલાઈન છેતરપિંડીના વધતા બનાવોને લઈ જિલ્લાવાસીઓમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જો કે ઓનલાઈન છેતરપીંડી કરનારી કંપની લોકોને વિશ્વાસમાં લઈ લોભામણી જાહેરાતો આપી અને મોબાઈલ ઉપર જ મોટા ભાગે છેતરપિંડી કરતી હોવાનું પણ સામે આવ્યું છે. જેને લઈને જિલ્લાવાસીઓના રોજના લાખો રૂપિયા આવી છેતરપીંડી પાછળ ડૂબતા હોવાની ફરિયાદ પણ ઉઠી છે. ત્યારે હાલની પરિસ્થિતિમાં એક તરફ આર્થિક સંકડામણમાં લોકો પોતાનું જીવન ધોરણ ગુજારતા હોય છે. ત્યારે આવી છેતરપિંડી કરનારા લોકો નાની એવી બચત એ જે લોકોએ બેંકમાં ભેગી કરી હોય તે પણ ઉઠાવી જતા હોવાની ફરિયાદ ઉઠી છે.આવા ફોડ કરનારાઓ પહેલા મોબાઈલ ધારકનો સંપર્ક સાધે છે અને ફોન નંબર મેળવ્યા બાદ બેંકની વિગત અને લોભામણી જાહેરાતો અને વિશ્વાસમાં લઈ અને તમને આ લાભ મળશે, ફાયદો થશે અને મફતમાં વસ્તુ મળશે એમ કહી લીંક આપી છે ઓપન કરજો મેસેજમાં લીંક આવશે તે વગેરે પ્રકારની વાતચીત કરી અને ત્યારબાદ લીંક મોકલી આપે છે. ઉપરાંત જો મોબાઈલ ધારક આ લીંક ઓપન કરે તો સમગ્ર મોબાઈલનો ડેટા હેક થઈ જતા હોવાનું પ્રાથમિક વિગતમાં જાણવા મળ્યું છે.મોબાઈલ હેક થયા બાદ મોબાઈલમાં રહેલી તમામ પ્રકારની બેંકિંગથી લઈ તમામ બેંક બેલેન્સ આવા ફોડ કરનારાઓ મેળવી લેતા હોય છે. ત્યારબાદ બેંકમાં પડેલા નાણાની ઉઠાંતરી કરી તેઓ છેતરપીંડી કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ડોક્ટર અને વકીલ સહિતના અભ્યાસુ લોકો પણ આવા છેતરપિંડી કરનારાઓની લપેટમાં આવી ચુક્યા છે. ત્યારે જિલ્લામાં ઓનલાઈન છેતરપિંડીના મામલે કરોડો રૂપિયાનું જિલ્લાવાસીઓનું ધોવાણ થઈ ચુક્યું હોવાનું પણ બહાર આવ્યું

## સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદનું આગમન

અમરેલી, તા.૭

રાજયભરમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદનું આગમન થયું છે. અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. સાવરકુંડલા તાલુકાના વંડા, મેવાસા, શેલણા, વાશિયાલી, ભામોદરા સહિત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદનું આગમન થયું છે. ઉનાળાની અસહ્ય ગરમી બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. અમરેલી જિલ્લામાં આજે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદની એન્ટ્રી થઈ છે. જોકે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી જેથી લોકોને ગરમીમાં ભારે રાહત મળી છે. તો બીજી તરફ સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં પવન અને વરસાદના કારણે ખેડૂતોના કેરીના પાકને નુકશાન થવાની ભીતિ પણ સેવાઈ રહી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૭૨ કેસ

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં કોરોનાના આજે નવા ૭૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૩ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૨૮૦ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૮ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૪૩,૮૫૮ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૩૬૩ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૩૬૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૨૮૦ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૪૪, વડોદરા કોર્પોરેશન તથા સુરત કોર્પોરેશનમાં ૭-૭, રાજકોટ કોર્પોરેશન ૩, અરવલ્લી- વલસાડમાં ૨-૨, આણંદ, બનાસકાંઠા, ગાંધીનગર કોર્પોરેશન, ગીરસોમનાથ, મહેસાણા, રાજકોટ અને સાબરકાંઠામાં ૧-૧ કેસ નોંધાઈ ચુક્યાં છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

## બિલ્ડીંગ મટીરીયલ્સમાં ભાવ વધારા સામે એસોસિએશનની રજૂઆત

ગાંધીનગર, તા. ૭

બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાની મુખ્ય કારોબારીની બેઠક અમદાવાદમાં યોજાઈ હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે કૌશલ કિશોર જી., રાજ્યમંત્રી (મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ) હાજર રહ્યા હતા. બિલ્ડર્સ એસોસિએશનના રાષ્ટ્રીય પ્રમુખ નિમેષભાઈ ડી. પટેલે જણાવ્યું હતું કે આજે સ્ટીલ, પેટ્રોલ, કોલ, મેટલ વગેરે મટીરીઅલ્સમાં જે ભાવ વધારો થયો છે તેના કારણે તમામ બિલ્ડર્સ પર જે ભાર વધ્યો છે તે બાબતે બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી રહી છે.

મુખ્ય અતિથિ કૌશલ કિશોર જી એ પણ બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાની રજૂઆત પર ધ્યાન આપ્યું હતું તેમજ તેના નિરાકરણ માટેની મદદની ખાતરી આપી હતી. વધુમાં તેઓ વ્યસન મુક્તિ પર ભાર આપ્યો હતો તેમજ જણાવ્યું હતું કે વ્યસનથી ને માત્ર આર્થિક જ નહિ પરંતુ માનસિક તેમજ શારીરિક નુકશાન થાય છે તેથી ભારતને વ્યસન મુક્ત ભારત બનાવવું એ આપ સૌની ફરજ છે.

નિમેષભાઈ ડી. પટેલે એક ખૂબ જ મહત્વની જાહેરાત કરી હતી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિવિધ યોજનાઓ માની 'સુકન્યા સમૃદ્ધિ યોજના'ને બીએઆઈ દ્વારા અપનાવવામાં આવી હતી અને એક ટીમ તરીકે બધા તેના માટે ટૂંક સમયમાં કામ કરવાનું શરૂ કરી દેશે અને તેમણે બધાને ખાતરી આપતા જણાવ્યું હતું કે અમે ગુજરાત રાજ્યમાં ૧,૦૦,૦૦૦ સુકન્યા સમૃદ્ધિ યોજના એકાઉન્ટસ ખોલીને અમારા લક્ષ્યને પ્રાપ્ત કરીશુ અને લક્ષ્ય સુધી પહોંચ્યા પછી અમે તમામ રાજ્યોમાંથી તમામ ૨૦૦ પ્લસ કેન્દ્રોની મદદથી સમગ્ર ભારતમાં ૧૦,૦૦,૦૦૦ સુકન્યા સમૃદ્ધિ યોજના એકાઉન્ટસ મેળવવાનો પ્રયાસ કરીશુ.

## સન્માનિત કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારિયોને ચેક વિતરણ કરવામાં આવ્યુ હતું તથા માનનીય મેયરશ્રી, માનનીય ડેપ્યુટી મેયરશ્રી, માન. ચેરમેનશ્રી, માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી તેમજ માન. નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓના હસ્તે કોરોના વોરિયર્સ સમાન કર્મચારિયોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર માહાનગરપાલિકા દ્વારા કુલ ૨૮૮ કોરોના વોરિયર્સને રૂપિયા ૨૨ લાખ ૩૫ હજારના પુરસ્કાર ચેક વિતરણ કરવામાં આવ્યા. જેમાં વર્ગ ૧ના કુલ ૩ કર્મચારિયોને રૂ. ૨૦,૦૦૦ ના ચેક, વર્ગ ૨ ના કુલ ૯ કર્મચારિયોને રૂ. ૧૫,૦૦૦ ના ચેક, વર્ગ ૩ના કુલ ૧૩૨ કર્મચારિઓને રૂ. ૧૦,૦૦૦ ના ચેક તેમજ વર્ગ ૪ના કુલ ૧૪૪ કર્મચારિઓને રૂ. ૫૦૦૦ના ચેક અર્પણ કરવામાં આવ્યા. આ ઉપરાંત ૫ સ્વર્ગસ્થ કર્મચારિઓના પરિજનોને પણ ચેક અર્પણ કરવામાં આવ્યા. આ તકે મેયરશ્રીએ કોરોના વોરિયર્સને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે ગાંધીનગર મહાનગરપાલિકાના કર્મચારિયોએ પોતાના પરિવારની ચિંતા કર્યા વગર પોતાની જીવને જોખમમાં મુકીને ચોવિસ કલક સતત કામગીરી કરી છે તે અદ્વિતિય છે અને તેમણે સમાજ પ્રત્યેની પોતાની નિષ્ઠાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

## મસ્કની ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કંપની ટેસ્લા મારફત જાણ કરી છે કે ટ્વીટર ખરીદવા માટે જે માહિતી જોઈએ છે તે મળી રહી નથી અને કંપની જવાબદારી આપવામાં નિષ્ફળ ગઈ છે. આ સ્થિતિમાં એલોન મસ્ક અને ખરીદદારો માર્ચ મહિનામાં કરેલી ઓફર રદ કરવાના હક્કદાર છે. અગાઉ, મસ્કે માહિતી મેળવવા માટે થઈ સોદાને કામચલાઉ રીતે અટકાવી દેવાની જાહેરાત કરી હતી. ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક અને ટ્વિટરના સીઈઓ પરાગ અગ્રવાલ વચ્ચે ટ્વિટરમાં નકલી એકાઉન્ટ્સ (બોટ્સ) મુદ્દે વિવાદ સતત વકરી રહ્યો છે. પહેલાં એલોન મસ્કે અચાનક જ ટ્વિટરના નકલી એકાઉન્ટ્સ પાંચ ટકા કરતાં વધુ હોવાનો દાવો કરીને ડીલ અટકાવી દેવાની જાહેરાત કરી હતી. બાદમાં મસ્કે ટ્વિટર ખરીદવા માટે અગાઉ ઓફર કરેલી ૪૪ અબજ ડોલર કરતાં ઓછી કિંમત ચૂકવવાના સંકેત આપ્યા હતા. મસ્કે શરત મુકી હતી કે જ્યાં સુધી બોટના સાચા આંકડા નહિ આપવામાં આવે અને ૫% સુધી તેને સીમિત કરવામાં નહિ આવે ત્યાં સુધી સોદો 'હોલ્ડ' પર રહેશે.

આજે મસ્કના પત્ર અંગે માહિતી બહાર આવતા અમેરિકન શેરબજાર ખુલતા પહેલા ટ્વીટરના શેર ૫.૫ ટકા ઘટી ૩૭.૯૫ ડોલર થઈ ગયા હતા. મસ્કની અગાઉ, કામચલાઉ રીતે સોદો અટકાવી દેવાની જાહેરાતથી શેર સતત ઘટી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ